કે.ડી NEWS

તારીખ : 25/11/2025

# સમાજ માટે પ્રેરણારૂપ : સાવરકુંડલાની ચાર દીકરીઓએ પિતાને કાંધ આપીને નિભાવ્યો 'પુત્રધર્મ'

સાવરકુંડલા, તા. ૨૫ : સામાન્ય રીતે સમાજમાં એવું જોવા મળતું હોય છે કે પિતાના અવસાન પછી અંતિમ સંસ્કારની તમામ વિધિ પુત્રો દ્વારા જ થાય છે અને મહિલાઓ સ્મશાનભૂમિ સુધી જતી નથી. પરંતુ સાવરકુંડલા શહેરમાં એક એવું હૃદયસ્પર્શી દૃશ્ય જોવા મળ્યું કે જેણે સૌ કોઈને ભાવવિભોર કરી દીધા અને દીકરીઓના પિતૃપ્રેમનું અદ્ભુત ઉદાહરણ સમાજ સમક્ષ મૂક્યું.સાવરકુંડલા શહેરના રઘુવંશીપરા વિસ્તારમાં રહેતા પ્રવીણભાઈ ઘુસાભાઈ ટાંક (ઉં.વ. ૬૩)નું તા. ૨૪ નવેમ્બર, ૨૦૨૫ના રોજ અવસાન થયું હતું. તેમની અંતિમ યાત્રા તા. ૨૫ નવેમ્બર, ૨૦૨૫ મંગળવારે રઘુવંશીપરાથી સ્મશાનભૂમિ સુધી નીકળી હતી. આ યાત્રામાં તેમની ચાર દીકરીઓ – ધારાબેન, શીતલબેન, રિંકુબેન અને જીજ્ઞાબેન – એ પોતાના પિતાના પાર્થિવને ખભા પર લઈને કાંધ આપી હતી.આ ચારેય દીકરીઓએ માત્ર કાંધ આપવું જ નહીં, પરંતુ સ્મશાનભૂમિમાં પહોંચ્યા પછી પિતાની ચિતાને પોતે જ અગ્નિ આપીને મુખાગ્નિનો વિધિ પણ પૂર્ણ કર્યો. પિતાના અંતિમ સંસ્કારની તમામ જવાબદારી આ દીકરીઓએ હૃદય કઠોર કરીને નિભાવી અને પુત્ર જેવો ધર્મ બજાવ્યો.આ દ્રશ્ય જોઈને અંતિમ યાત્રામાં ઉપસ્થિત લોકો ભાવુક થઈ ગયા હતા અને દીકરીઓના આ અપૂર્વ પિતૃભક્તિની સર્વત્ર પ્રશંસા થઈ રહી છે. આ ઘટનાએ એક વાત સાબિત કરી છે કે દીકરીઓ પણ પુત્રોથી ક્યાંય ઓછી નથી અને જ્યારે વાત પિતા પ્રત્યેના પ્રેમ અને કર્તવ્યની આવે ત્યારે તેઓ કોઈપણ પરંપરા કે મર્યાદાને આંબીને આગળ આવે છે.આ ચાર દીકરીઓનું આ કાર્ય સમગ્ર સમાજ માટે એક મજબૂત સંદેશ અને પ્રેરણારૂપ ઉદાહરણ બની રહ્યું છે કે "દીકરી વ્હાલનો દરિયો છે અને જરૂર પડે તો પુત્રની ફરજ પણ નિભાવી શકે છે."







કે.કે. NEWS

તારીખ : 25/11/2025

# સૌરાષ્ટ્ર સહિત ગુજરાતમાં મિશ્ર હવામાન.. સવારે ઠંડી બપોરે તડકો...



અમરેલી જિલ્લામાં સવારે 13.0 સે.અને બપોરે 31.5 સે. તાપમાન..ગુજરાતમાં અને ખાસ કરીને સૌરાષ્ટ્રમાં અમરેલી રાજકોટ જુનાગઢ અને ગુજરાતની વાત કરવામાં આવે તો અમદાવાદ વડોદરા ભુજ સહિતના મોટાભાગના સ્થળે હાલ નવેમ્બર માસમાં સરેરાશ તાપમાન સવારે 17સે./ 18સે.અને બપોરે 33 થી 34 સે.રહેતું હોય છે પરંતુ આ વખતે નવેમ્બરના પ્રથમ સપ્તાહમાં સવારનું તાપમાન અસામાન્ય ઊંચું રહ્યા બાદ બીજા સપ્તાહથી એટલે કે એક અઠવાડિયા થી પખવાડિયાથી એકધારું સવારનું તાપમાન નોર્મલ થી ઘણું નીચું રહે છે જેના પગલે ગુજરાત રાજ્યના લોકોને નહીં શિયાળો કે નહીં ઉનાળો તેવી અન્ય એક મિશ્ર ઋતુ અનુભવાઈ રહી છે. સવારે ઠંડી અને બપોરે તડકાનો અહેસાસ થઈ રહ્યો છે તાપમાનમાં તીવ્ર વધઘટથી શરીરની રોગપ્રતિકારક શક્તિ ક્ષીણ થતી હોવાથી વાયરલ કેસનો ઉપદ્રવ પણ હાલ વધી રહ્યો છે.

તારીખ : 25/11/2025

# ભારતના 53મા મુખ્ય ન્યાયાધીશ બન્યા જસ્ટિસ સૂર્યકાંત, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ લેવડાવ્યા શપથ...



24 નવેમ્બર સોમવારે જસ્ટિસ સૂર્યકાંત ભારતના નવા મુખ્ય ન્યાયાધીશ બન્યા છે. સોમવારે, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ તેમને CJI તરીકે શપથ લેવડાવ્યા હતા. તેમણે ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન, વડાપ્રધાન નરેન્દ્ર મોદી, રક્ષા મંત્રી રાજનાથ સિંહ, ગૃહ મંત્રી અમિત શાહ, લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા, ભાજપ પ્રમુખ જે.પી. નડ્ડા, પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ અને પૂર્વ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખરની હાજરીમાં શપથ લીધા હતા.જણાવી દઈએ કે, જસ્ટિસ ભૂષણ રામકૃષ્ણ ગવઈનો CJI તરીકેનો કાર્યકાળ 23 નવેમ્બર, 2025ના રોજ સમાપ્ત થયો હતો. તેમણે સાડા 6 મહિના સુધી આ પદ સંભાળ્યું હતું. ન્યાયાધીશ સૂર્યકાંતનો CJI તરીકેનો કાર્યકાળ આશરે દોઢ વર્ષનો રહેશે. તેઓ 9 ફેબ્રુઆરી, 2027 ના રોજ નિવૃત્ત થશે. હાલમાં તેઓ 63 વર્ષના છે.CJI સૂર્યકાંતનો જન્મ 10 ફેબ્રુઆરી, 1962 ના રોજ હરિયાણાના હિસારમાં થયો હતો. તેઓ એક સામાન્ય પરિવારમાંથી આવ્યા હતા. પૂર્વ CJI બી.આર. ગવઈએ તેમના વિદાય ભાષણમાં ન્યાયાધીશ સૂર્યકાંત સાથેની તેમની મિત્રતા વિશે વાત કરતા કહ્યું કે, બંને સામાન્ય પરિવારમાંથી આવે છે.

કે.ડી. NEWS

તારીખ : 25/11/2025

# સાવરકુંડલાના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાળાના પ્રયાસોથી MSME નાના ઉદ્યોગકારોને મળશે મોટી રાહત





સાવરકુંડલા વિધાનસભા મતવિસ્તાર ના ધારાસભ્ય મહેશભાઈ કસવાળાની પહેલ અને આગેવાની હેઠળ સાવરકુંડલાના MSME તથા નાના ઉદ્યોગકારો સમક્ષ ઊભી થયેલી વિવિધ જટિલ સમસ્યાઓના ઝડપી નિવારણ માટે મહત્વનું પગલું લેવાયું છે.તોલ માપ વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલા એ મુલાકાત કરી. સાવરકુંડલા વિસ્તારના ઉદ્યોગોના સર્વાંગીણ વિકાસને લઈને અગત્યના મુદ્દાઓ પર ઊંડાણપૂર્વક ચર્ચા કરવાની તક મળી.M S M E ક્ષેત્ર સાથે જોડાયેલા મહત્વપૂર્ણ પ્રશ્નો તથા સાવરકુંડલાની પરંપરાગત ઓળખ બનેલા ત્રાજવા (સ્કેલ) મેન્યુફેક્ચર ઉદ્યોગની હાલની પરિસ્થિતિ, પડકારો અને ઉપલબ્ધ તકો વિશે રચનાત્મક વિચાર–વિમર્શ કર્યો.સાવરકુંડલા ઉદ્યોગ એસોસિએશનના મેમ્બર શ્રી કેતનભાઈ ત્રિવેદી, શ્રી દીપકભાઈ મર્થક, શ્રી વિપુલભાઈ મકવાણા, શ્રી વિપુલભાઈ કનાડિયા તથા શ્રી સંજયભાઈ ડોડીયા સહિતના પાંચ સભ્યોનું એક પ્રતિનિધિમંડળ ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાળાની ખાસ વ્યવસ્થાથી દિલ્હી ખાતે કેન્દ્રીય M S M E મંત્રી શ્રીમતી નીમુબેન બાંભણિયાને મળ્યું હતું.આ મુલાકાત દરમિયાન નાના ઉદ્યોગકારો સમક્ષ ઊભી થયેલી વિવિધ સમસ્યાઓના રજૂઆત કરવામાં આવી હતી. કેન્દ્રીય મંત્રીશ્રીએ ઉદ્યોગકારોની વેદના સાંભળી, સંવેદનશીલતા દાખવતાં સંબંધિત અધિકારીઓને તાત્કાલિક જરૂરી સૂચનાઓ આપી અને સમસ્યાઓના ઝડપી નિકાલના આશ્વાસન આપ્યા હતા.સાવરકુંડલાના નાના ઉદ્યોગકારો તથા વેપારીઓ વતી ઉદ્યોગ એસોસિએશન તથા ભારતીય જનતા પાર્ટીના તમામ સક્રિય કાર્યકરોએ આ મહત્વના પગલાં બદલ ધારાસભ્ય મહેશભાઈ કસવાળા તેમજ કેન્દ્રીય મંત્રી શ્રીમતી નીમુબેન બાંભણિયાનો હૃદયપૂર્વક આભાર માન્યો છે અને આ પ્રયાસોથી નાના ઉદ્યોગોને નવું જોમ તથા હૂંફ મળી છે તેવી લાગણી વ્યક્ત કરી છે.આ તકે ઉદ્યોગકારોએ જણાવ્યું હતું કે, “શ્રી મહેશભાઈ કસવાળા હંમેશા અમારી પડખે ઊભા રહીને અમારા પ્રશ્નોને દિલ્હી સુધી પહોંચાડે છે, તેમના આ પ્રયાસોથી અમને ખરેખર મોટી રાહત મળવાની આશા છે.”

## દિલ્હીમાં કેન્દ્રીય મંત્રી નીમુબેન બાંભણિયાને મળ્યું પ્રતિનિધિમંડળ

નો નેગેટીવ ન્યુઝ


# કે.ડી. NEWS

તારીખ : 25/11/2025

SINCE 1923 NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 25/11/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# અયોધ્યા રામમય
# સુવર્ણ શિખર પર મોદીના હસ્તે ધ્વજારોહણ



## ભગવાન શ્રી રામ ભારતવર્ષના આત્મા વડાપ્રધાન મોદી.

કરોડો હિન્દુઓની આસ્થાના અડિખમ પ્રતિક એવા અયોધ્યાના રામમંદિરમાં આજે 25 નવેમ્બર 2025 મંગળવાર બપોરે શુભ મનાતા એવા અભિજીત મુહુર્ત પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ભગવો ધ્વજ લહેરાવ્યો હતો. રામમંદિરના નિર્માણ માટે દાન આપનારા 100 જેટલા દાતાઓનું રામમંદિર ટ્રસ્ટ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. 191 ફૂટ ઉંચા મુખ્ય શિખર પર ફરકાવવામા આવેલી ધ્વજા અમદાવાદમાં બનાવવામા આવી છે. ધ્વજા 11 ફૂટ પહોળી અને 22 ફૂટ લાંબી છે. રામમંદિર પણ ધ્વજા રોહણ થતા જ દેશભરમાં ભારે ધર્મોલ્લાસ છવાયો હતો.અયોધ્યાએ સોળે શણગાર સજયા છે. દેશભરમાં કરોડો રામભકતોના હૈયા આજે હરખથી ફુલી રહ્યા છે. 22 જાન્યુઆરી 2024ના રોજ અયોધ્યામાં રામમંદિરના કપાટ ભકતો માટે ખુલ્લા મૂકવામા આવ્યા હતા હવે એક વર્ષ અને 10 મહિનાના અંતરાલ બાદ રામમંદિરનું નિર્માણ કામ પૂર્ણ થયું હોવાનું પ્રતિક ધ્વજા રોહણની ઐતિહાસીક ઘડી છે.અયોધ્યા પહોંચ્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી રામમંદિર સુધી રોડ શો કર્યો હતો. જ્યાં રોડની બંને બાજુ લોકોએ પીએમ પર પુષ્પવર્ષા કરી હતી.તેઓએ અલગ અલગ મંદિરમાં પૂજા અર્ચના કરી હતી.ધ્વજારોહણ બાદ નરેન્દ્રભાઈએ અયોધ્યાથી રાષ્ટ્ર જોગ પ્રવચન કર્યું હતું. અયોધ્યામાં રામમંદિર ખાતે પ્રધાનમંત્રી શ્રી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પ્રથમવાર 191 ફૂટ ઉંચા મુખ્ય શિખર પર ધ્વજારોહણ કર્યું હતુ. આ ધજા અમદાવાદમાં બનાવવામાં આવી છે. 11 ફૂટ પહોળી અને 22 ફૂટ લાંબી ધજા બનાવવાનું કામ અંબિકા એન્જિનિયરિંગ વર્કસ દ્વારા કરવામાં આવ્યું છે. આ ધજા તૈયાર કરવા માટે રામ મંદિર ટ્રસ્ટ તરફથી જ કેવા પ્રકારની ધજા બનાવવાની છે તેની ડિઝાઈન આપવામાં આવી હતી. ત્યાર બાદ 10 કારીગરોએ 25 દિવસમાં





તૈયાર કરી દીધી છે.આ ઐતિહાસિક ક્ષણે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુજી, આરએસએસના વડા મોહન ભાગવત અને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સહિત આમંત્રિત મહેમાનો હાજર રહ્યા હતા.ધજા માટે થ્રી-લેયર મટીરીયલનો ઉપયોગ કર્યો ધજાની બંને બાજુ રામ ભગવાનના પ્રતીક એવા કલ્પવૃક્ષ, સૂર્યનારાયણ ભગવાન અને ઓમ બનાવવામાં આવ્યા છે. આ તમામ પ્રતીકો રામ મંદિર તરફથી આપવામાં આવેલી ડિઝાઈનને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યા છે. ધજા માટે થ્રી-લેયર મટીરીયલનોધજાધજા માટે થ્રી-લેયર મટીરીયલનો ઉપયોગ કર્યો ધજાની બંને બાજુ રામ ભગવાનના પ્રતીક એવા કલ્પવૃક્ષ, સૂર્યનારાયણ ભગવાન અને ઓમ બનાવવામાં આવ્યા છે. આ તમામ પ્રતીકો રામ મંદિર તરફથી આપવામાં આવેલી ડિઝાઈનને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યા છે. ધજા માટે થ્રી-લેયર મટીરીયલનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જો કે ગર્વની એ પણ વાત છે કે ધજા બનાવનાર પરિવારને રામ મંદિરમાં યજમાન તરીકે પ્રતિષ્ઠામાં બેસાડવામાં આવ્યા છે.શ્રી રામ જન્મભૂમિ મંદિરના શિખર પર ઔપચારિક રીતે ભગવો ધ્વજ ફરકતા જ મંદિરના બાંધકામની ઔપચારિક પૂર્ણાહુતિ દર્શાવે છે. અયોધ્યા અને પડોશી જિલ્લાઓમાં સુરક્ષા વધારી દીધી છે. આ સમારોહ માર્ગશીર્ષ મહિનાના શુક્લ પક્ષની શુભ પંચમી તિથિ સાથે એકરુપ છે, જે શ્રી રામના અભિજિત મુહૂર્ત અને માતા સીતાના વિવાહ પંચમી સાથે સંરેખિત છે. આ દિવસ ગુરુ તેગ બહાદુરની શહાદત જયંતિ પણ છે, જેમણે ઐતિહાસિક અહેવાલો મુજબ, 17મી સદીમાં અયોધ્યામાં 48 કલાક ધ્યાન કર્યું હતું.શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્રે ટ્વીટ કર્યું છે કે, ભગવાનના બધા ભક્તોને ખૂબ આનંદ સાથે જણાવવામાં આવે છે કે ટેમ્પ બાંધકામ સંબંધિત તમામ કાર્ય પૂર્ણ થઈ ગયું છે, એટલે કે પરિમિતિમાં મુખ્ય મંદિર મંદિરો – ભગવાન વા, ભગવાન ગણેશ, ભગવાન હસુમાન, સૂર્યદની, દેવી ભગવતી, દેવી અન્નપૂર્ણા અને શેષાવતાર મંદિર પણ પૂર્ણ થઈ ગયા છે. ધ્વજસ્તંભો અને કિલસ્ત સ્લે (શિખરો) પર સ્થાપિત કરવામાં આવ્યા છે."વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું હતુ કે, "ભગવાન શ્રી રામ ભારતવર્ષના આત્મા, તેની ચેતના અને તેના મહિમાના પાયા છે. મારા માટે, એ પરમ સૌભાગ્યની વાત છે કે આજે સવારે મને અયોધ્યામાં દિવ્ય અને ભવ્ય શ્રી રામ જન્મભૂમિ મંદિર સંકુલમાં દર્શન અને પૂજા કરવાનો અવસર મળશે. ત્યારબાદ, શ્રી રામ લલ્લાના પવિત્ર મંદિરના શિખર પર ભગવા ધ્વજને ઔપચારિક રીતે ફરકાવવાની ઐતિહાસિક ક્ષણનો સાક્ષી બનીશ. આ ધ્વજ ભગવાન શ્રી રામના તેજ, શૌર્ય અને તેમના આદર્શો તેમજ આપણી શ્રદ્ધા, આધ્યાત્મિકતા અને સાંસ્કૃતિક વારસાનું પ્રતીક છે.5100 કિલોનો ધ્વજ દંડઅંબિકા એન્જિનિયરિંગને માત્ર ધજા જ નહીં. પરંતુ અગાઉ રામ મંદિર માટે અનેક વસ્તુઓ બનાવવા માટેનો ઓર્ડર આપવામાં આવ્યો હતો. રામ મંદિર માટે ધ્વજ દંડ પણ અમદાવાદમાં જ તૈયાર કરવામાં આવ્યો છે. જેની સાઈઝ 42 ફૂટ અને 5100 કિલો વજન છે. તે પણ અમદાવાદમાં તૈયાર કરીને અયોધ્યા મોકલવામાં આવ્યો છે. ત્યારે આ ઐતિહાસિક ધ્વજારોહણ માં સમગ્ર દેશ માં આધ્યાત્મિક વાતાવરણ છવાયું હતું.મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામના દર્શન કરી ભક્તોએ ધન્યતા અનુભવી હતી. સીતા રામ અને જય શ્રી રામ નો નાદ ગુંજી ઉઠ્યો હતો.

કે.ડી. NEWS
તારીખ : 25/11/2025

# વર્ગ 3 અને 4ના હંગામી કર્મીઓને વધારાના કામ સાથે ભથ્થું મળશે




ગુજરાત સરકારના ક્લાસ 3-૪ના ફિક્સ પગારના કર્મચારીઓને સોંપવામાં આવતા વધારાના કાર્ય માટે ચાર્જ એલાઉન્સ ચૂકવવામાં આવશે. આ પરિપત્ર લાગુ થતાં ૨૦ ઓક્ટોબર, ૨૦૧૫ના ઠરાવ અંતર્ગત લાગુ થતાં ફિક્સ પગારના કર્મચારીઓને તેનો લાભ મળશે.સમાન અથવા ઉપલી જગ્યાનો વધારાનો હવાલો સોંપાય તો કેડર પ્રમાણે ૫-૧૦ ટકા જેટલું ભથ્થુંઆ અંગે નાણાં વિભાગ પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે. જેના અનુસાર રાજ્ય સરકારના ક્લાસ 3-૪ના ફિક્સ પગારના કર્મચારીને જૂના પગાર પ્રમાણે ચૂકવવામાં આવતા ચાર્જ એલાઉન્સમાં વધારો કરવામાં આવ્યો છે. જેમાં સેમ કેડરના ચાર્જ માટે ૫ ટકા અને સિનિયર લેવલના વધારાના ચાર્જની સોંપણી પર / ૧૦ટકા ચાર્જ એલાઉન્સ મળવાપાત્ર રહેશે.સરકારી કર્મચારીઓના વધારાના કાર્યની સોંપણી સામે ચાર્જ એલાઉન્સમાં વધારો કરવા મામલે ધી ગુજરાત સચિવાયલ સ્ટાફ એસોસિયેશન દ્વારા ઘણા સમયથી રજૂઆત કરવામાં આવતી હતી. આમ, હવે આ મામલે નાણાં વિભાગ દ્વારા પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 25/11/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# શ્રી વિદ્યાગુરુ ફાઉન્ડેશન સંચાલિતશ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરનેસાવરકુંડલાના દાનવીર કર્ણ શ્રી હિરેનભાઈ વેકરીયાની ઉમદા ભેટ



સાવરકુંડલાના પ્રતિષ્ઠિત VHRO ગ્રુપના માલિક અને સેવાકીય પ્રવૃત્તિઓમાં હર હંમેશા અગ્રેસર રહેનારા શ્રી હિરેનભાઈ વેકરીયાની ધર્મપત્ની છેલ્લા નવ મહિનાથી શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરના ગાયનેકોલોજી વિભાગ હેઠળ સારવાર લઈ રહ્યા હતા. નવ મહિના પૂર્ણ થતાં તેમને તારીખ ૧૯.૧૧.૨૦૨૫ ના રોજ અહીં દાખલ કરવામાં આવી.હોસ્પિટલના અનુભવી સ્ત્રીરોગ નિષ્ણાત ડૉ. વંદિતા સલાટ દ્વારા તપાસ કર્યા બાદ તેજ દિવસે સફળતાપૂર્વક ડિલિવરી કરાવવામાં આવી. માતા અને બાળક બંને સંપૂર્ણ સુરક્ષિત અને સ્વસ્થ છે – જે હોસ્પિટલની ઉચ્ચ કક્ષાની સારવારનું જીવંત ઉદાહરણ છે.તારીખ ૨૩.૧૧.૨૦૫ ના રોજ માતા અને બાળકને રજા આપવામાં આવતી વખતે, શ્રી હિરેનભાઈ વેકરીયાએ હોસ્પિટલના મેડિકલ સુપરિન્ટેન્ડન્ટ ડૉ. પ્રકાશ કટારીયાને મળીને ₹1,11,111/- નું ઉદાર અનુદાન આપ્યું. સાથે સાથે તેમણે આરોગ્ય મંદિરની સર્વોત્તમ ગુણવત્તાની સારવાર, ડોક્ટર્સની કુશળતા અને સમગ્ર સ્ટાફના માનવતાભર્યા વ્યવહારની હૃદયપૂર્વક પ્રશંસા કરી.આદર્શ સ્થાપિત કરનાર દાનઅત્રે ઉલ્લેખનીય છે કે શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરમાં મુખ્યત્વે આર્થિક રીતે નબળા અને પછાત વર્ગના દર્દીઓને સંપૂર્ણ નિશુલ્ક સારવાર મળે છે પરંતુ અહીંની મશીનરી, સુવિધાઓ અને સારવારની ગુણવત્તા કોઈ કોર્પોરેટ હોસ્પિટલને ટક્કર મારે તેવી છે.આથી સમાજના પ્રતિષ્ઠિત તથા ઉદ્યોગપતિ વર્ગે પણ આવી સર્વોત્તમ સેવા આપતી હોસ્પિટલનો પૂરતો લાભ લેવો જોઈએ અને સંસ્થાને “ફૂલ નહીતો ફૂલની પાંખડી” આપવી તેવો સંદેશ આપતો ઉત્તમ આદર્શ શ્રી હિરેનભાઈ વેકરીયાએ બખૂબી પ્રસ્થાપિત કર્યો છે.સંસ્થાના ટ્રસ્ટીઓ અને મેનેજમેન્ટે શ્રી હિરેનભાઈ વેકરીયાના ઉદારતાભર્યા હૃદય અને સમાજકલ્યાણ માટેના ભાવને હૃદયપૂર્વક નમન કરી તેમને સહૃદય આભાર માન્યો છે.

કે.ડી. NEWS

તારીખ : 25/11/2025

## યે દિલ તુમ બીન કહી લગતા નહી હમ ક્યા કરે...

# અભિનેતા ધર્મેન્દ્રની અંતિમ વિધિમાં બોલીવુડના દિગ્ગજો હાજર રહ્યા..



બોલીવુડના દિગ્ગજ અભિનેતા ધર્મેન્દ્રનું 24 નવેમ્બર 2025 ના રોજ 89 વર્ષની ઉંમરે અવસાન થયું હતું તેઓ આ ફાની દુનિયાને અલવિદા કહીને આપણા સૌની વચ્ચેથી ચાલ્યા ગયા હતા છેલ્લા કેટલાક દિવસોથી તેઓ શ્વાસ ને લગતી બીમારીઓથી પીડાતા હતા યે દિલ તુમ બીન કહી લગતા નહી વગેરે ગીતો, શોલે જેવી યાદગાર ફિલ્મો, અપને જેવી લાગણીશીલ ફિલ્મો હંમેશા અમર રહેશે.સોમવારે બોલિવુડના સુપરસ્ટારમાં જેમની ગણતરી થાય છે તેવાં પીઢ અભિનેતા ધર્મેન્દ્રનું અવસાન થયું. બપોરે 89 વર્ષીય ધર્મેન્દ્રના ઘરની બહાર એમ્બ્યુલન્સ આવી હતી. આ દરમિયાન ઘર તથા પવન હંસ સ્મશાન ઘાટની સુરક્ષા સઘન કરવામાં આવી હતી. એમ્બ્યુલન્સની સાથે આખો દેઓલ પરિવાર જોવા મળ્યો હતો. ઉપરાંત સલમાન ખાન, સંજય દત્ત, અમિતાભ બચ્ચન, બચ્ચન અને આમિર ખાન સહિત અનેક હસ્તીઓ હાજર રહી હતી. ભારત દેશના રાષ્ટ્રપતિ દ્રોપદી મૂર્મુજી,વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત રાજકીય સામાજિક આગેવાનો બોલિવૂડના દિગ્ગજો ધર્મેન્દ્રના લાખો ચાહકો બધાએ શોક વ્યક્ત કર્યો હતો વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પીઢ એક્ટર ધર્મેન્દ્રના મૃત્યુને એક યુગના અંતની નિશાની ગણાવી હતી.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 25/11/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# સુપર ધમાકા ઓફર

## માત્ર રૂા. 99 માં

HD ગ્લાસ સાથે
V8, ટાઈપ સી કેબલ
અને ઈયરફોન
ફ્રી...

**માત્ર રૂા. ૯૯ માં કવર સાથે HD ગ્લાસ ફ્રી...**

# જનતા મોબાઈલ

પોસ્ટ ઓફીસ રોડ, કલ્પના શુઝની બાજુમાં,
સાવરકુંડલા. મો. 81540 68808



કે.ડી. NEWS
તારીખ : 25/11/2025
Hiral
Manojbhai
Vala
HAPPY
Birthday
કે.ડી. ન્યુઝનાં સોશ્યલ મિડીયા ડીપાર્ટમેન્ટમાં ક્રીએટીવ
આર્ટીસ્ટ તરીકે સમાજમાં બનતા બનાવોને પોતાની
કૌશલ્યપુર્ણ ક્રીએટીવીટીથી વીઝયુલાઈઝ કરી
સોશ્યલ મિડીયા સમક્ષ ચરિતાર્થ કરવામાં માહિર એવા
હિરલબેનને જન્મદિવસની ખુબ-ખુબ શુભેચ્છાઓ...

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 25/11/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...





અલંકાર મહોત્સવ 2025

એક્ઝિબિશન

૧૦૦% ફ્લેટ ડીસ્કાઉન્ટ
કોઇપણ રીયલ ડાયમંડ દાગીનાની ઘડતર ઉપર

૫૦% ફ્લેટ ડીસ્કાઉન્ટ
લેબ્ગ્રોન ડાયમંડ CVD ડાયમંડ દાગીનાની ઘડતર ઉપર

30% ફ્લેટ ડીસ્કાઉન્ટ
સોનાના દાગીનાની ઘડતર ઉપર

તા. ૨૫/૦૭/૨૦૨૫ થી શરૂ...

બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.

એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી.

કસ્ટમર કેર : 63549 73131

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 25/11/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# પત્રકારોના આરોગ્યની ચિંતા સાથે – ‘ફીટ ઈન્ડિયા, ફીટ મીડિયા’ અભિયાન અંતર્ગત વ્યારા ખાતે હેલ્થ સ્ક્રીનિંગ કેમ્પ યોજાયો




ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી અને માહિતી ખાતાના સંયુક્ત ઉપક્રમે મીડિયાકર્મીઓ માટે ૨૦ પ્રકારના ચેક અપ કરવામાં આવ્યા**લોકોને અપડેટેડ સમાચાર મળે તે માટે સતત કાર્યરત પત્રકારોના સ્વાસ્થ્યની ખેવના રાખવાના શુભ આશયથી કેમ્પ યોજાયો **વિવિક પ્રકારના ટેસ્ટ, ECG, એક્સ રે સહિતના જરૂરી પરીક્ષણોને આવરી લઈને પત્રકારોની સઘન આરોગ્ય તપાસ કરવામાં આવી**વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જન-સામાન્યની આરોગ્ય સુખાકારીની હંમેશા ચિંતા કરી છે તે માટે તેમણે 'ફીટ ઈન્ડિયા'ની સંકલ્પના આપી છે. ત્યારે પ્રજાનો અવાજ બનતા પત્રકારોના આરોગ્યની ચિંતા કરી મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મીડિયાકર્મીઓ માટે રાજ્યવ્યાપી હેલ્થ સ્ક્રીનિંગના કાર્યક્રમો યોજી 'ફીટ ઈન્ડીયા, ફીટ મીડિયા' ના મંત્રને સાકાર કરવાની હિમાયત કરી છે.રાજ્યવ્યાપી કાર્યક્રમ અંતર્ગત આજે વ્યારાની કાલિદાસ હોસ્પિટલ, ભીખીબા બ્લડ બેન્ક હોલ ખાતે તાપી જિલ્લાના તમામ પત્રકારો માટે સઘન આરોગ્ય તપાસ માટે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી અને માહિતી ખાતાના સંયુક્ત ઉપક્રમે જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાયો હતો. હેલ્થ ચેક અપ માટેના આ ઉપક્રમનો લાભ લઈને વ્યારા તેમજ અન્ય તાલુકાના ૨૫થી વધુ પત્રકારોએ પોતાના સ્વાસ્થ્યને અગ્રિમતા આપી આરોગ્યની દરકાર કરી હતી. પત્રકારોને સારી સ્વાસ્થ્ય સેવાઓ મળી રહે અને આરોગ્યનું સમયસર મૂલ્યાંકન થાય તે હેતુથી આયોજિત આ હેલ્થ ચેકઅપ કાર્યક્રમ સવારથી સાંજ સુધી ચાલ્યો હતો. જેમાં બ્લડ પ્રેશર મોનિટરિંગ, બ્લડ ટેસ્ટ સહિત વિવિધ પ્રકારના ટેસ્ટ અને ECG, એક્સ રે સહિતના જરૂરી પરીક્ષણને આવરી લેવામાં આવ્યા હતા. આ હેલ્થ ચેક અપ કેમ્પ થકી આરોગ્ય વિષયક સુવિધાઓને આવરી લઈને પત્રકારોની સ્વાસ્થ્ય સુરક્ષા પ્રત્યે રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી. મીડિયાકર્મીઓ માટેના આજના હેલ્થ સ્ક્રીનિંગના કાર્યક્રમમાં બ્લડ ગ્રુપ, બોડી પ્રોફાઈલ સહિત પ્રિલિમનરી ટેસ્ટ, લીવર અને કિડની ફંક્શન ટેસ્ટ,  સાંધા અને હાડકા માટેના જરૂરી ટેસ્ટ, થાઈરોઈડ સ્ક્રીનિંગ, ડાયાબિટીક માર્કર, ECG, એકસ રે અને મેમોગ્રાફી સહિત આરોગ્યની મુખ્ય સ્થિતિઓ માટે સ્ક્રીનીંગ કરવા માટેના જરૂરી પરીક્ષણોને આવરી લેવામાં આવ્યા હતા. માહિતી ખાતાના પ્રતિનિધિઓ, મિડીયાકર્મીઓ અને રેડક્રોસ સોસાયટીના સહયોગીઓએ દીપ પ્રગટ્ય કરી સૌના સારા સ્વાસ્થ્ય માટે પત્રકાર આલમના કર્મીઓ માટે પ્રાર્થના કરી સૌને શુભેચ્છા આપી હતી.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 25/11/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...





નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 25/11/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# સુરેન્દ્રનગર-ચમારજ સેક્શનમાં બ્લૉકને કારણે રેલવે વ્યવહારને અસર



પશ્ચિમ રેલવે, રાજકોટ ડિવિઝનના સુરેન્દ્રનગર-ચમારજ સેક્શનમાં નવો રોડ ઓવર બ્રિજ (ROB-48) બનાવવા માટે બ્લૉક લેવામાં આવશે. વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું હતું કે આ બ્લૉકને કારણે ૨૯ નવેમ્બરથી લઈને ૦૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી રેલવે વ્યવહારને અસર થશે. ભાવનગર રેલવે મંડળની પ્રભાવિત થનારી ટ્રેનોની વિગતો નીચે મુજબ છે: તારીખ ૨૯ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ પ્રભાવિત થનારી ટ્રેનો: * ટ્રેન નં ૧૧૪૬૬ જબલપુર-વેરાવળ એક્સપ્રેસ માર્ગમાં ૦૨.૦૦ કલાક રેગ્યુલેટ કરવામાં આવશે. * ટ્રેન નં ૧૯૧૨૦ વેરાવળ-ગાંધીનગર કેપિટલ એક્સપ્રેસ માર્ગમાં ૩૦ મિનિટ રેગ્યુલેટ કરવામાં આવશે. તારીખ ૩૦ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ પ્રભાવિત થનારી ટ્રેનો: * ટ્રેન નં ૧૯૧૨૦ વેરાવળ-ગાંધીનગર કેપિટલ એક્સપ્રેસ વેરાવળથી તેના નિર્ધારિત સમય ૦૭:૩૦ વાગ્યાને બદલે ૨ કલાક વિલંબથી એટલે કે ૦૯:૩૦ વાગ્યે ઉપડશે. * ટ્રેન નં ૧૯૧૧૯ ગાંધીનગર કેપિટલ-વેરાવળ એક્સપ્રેસ ગાંધીનગર કેપિટલથી તેના નિર્ધારિત સમય ૧૦:૨૫ વાગ્યાને બદલે ૨ કલાક વિલંબથી એટલે કે ૧૨:૨૫ વાગ્યે ઉપડશે. તારીખ ૦૧ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ પ્રભાવિત થનારી ટ્રેનો: * ટ્રેન નં ૧૧૪૬૪ જબલપુર-વેરાવળ એક્સપ્રેસ માર્ગમાં ૦૩.૦૦ કલાક રેગ્યુલેટ કરવામાં આવશે. * ટ્રેન નં ૧૯૧૧૯ ગાંધીનગર કેપિટલ-વેરાવળ એક્સપ્રેસ ગાંધીનગર કેપિટલથી તેના નિર્ધારિત સમય ૧૦:૨૫ વાગ્યાને બદલે ૧ કલાક વિલંબથી એટલે કે ૧૧:૨૫ વાગ્યે ઉપડશે.* ટ્રેન નં ૧૯૧૨૦ વેરાવળ-ગાંધીનગર કેપિટલ એક્સપ્રેસ માર્ગમાં ૪૫ મિનિટ રેગ્યુલેટ કરવામાં આવશે.રેલવે તંત્ર મુસાફરોને વિનંતી કરે છે કે તેઓ ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને પોતાની યાત્રા શરૂ કરે અને ટ્રેનોના સંચાલન સંબંધિત નવીનતમ અપડેટ્સની માહિતી માટે www.enquiry.indianrail.gov.in પર અવલોકન કરે, જેથી કોઈ પણ પ્રકારની અસુવિધા ન થાય.અતુલ કુમાર ત્રિપાઠી વરિષ્ઠ મંડલ વાણિજ્ય પ્રબંધકપશ્ચિમ રેલવે, ભાવનગર મંડલ

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 25/11/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



# Pankhadi

The Foam & Furnishing Store

## મહત્વપૂર્ણ જાણકારી

## પાંખડી - હવે નવી જગ્યા પર

નવા રંગ રૂપ સાથે,નવી શૈલી અને વધુ સારી સેવા લઈને અમે તમારા સાથ સહકાર સાથે હાજર છીએ નવા સરનામે

**નવુ સરનામું**

લાઠી રોડ બાયપાસ,HP પેટ્રોલ પંપ પાસે, મહાદેવ ટ્રેડિંગ ની બાજુમાં અમરેલી

તમારા સહકાર અને વિશ્વાસ દિલથી આભાર નમ્ર વિનંતી કે નવાસ્થળે મુલાકાત લો અને નવા કલેક્શનની સુંદરશુંખલાનો અનુભવ કરો

લલિતભાઈ એમ. વડેરિયા મો.૯૮૨૫૦ ૧૯૯૧૪

ધવલ એસ. વડેરિયા મો.૯૬૦૧૭ ૯૪૭૨૦

ચિરાગ એ. વડેરિયા મો.૭૦૪૧૦ ૬૭૬૮૦

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 25/11/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# અમરેલી વિધાનસભા દ્વારા એકતા યાત્રા યોજાઈ.







લોહપુરુષ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મજયંતિ અન્વયે અમરેલી વિધાનસભા દ્વારા સરદાર સાહેબની @150 " યુનિટી માર્ચ " એકતા યાત્રા અમરેલી થી શેડુભાર સુધી ગયેલ, આ યાત્રામાં સરદાર સાહેબને વંદન સાથે પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવેલ., જીલ્લા કક્ષાની આ યાત્રા અમરેલીના યુવા ધારાસભ્ય અને ગુજરાત સરકારના મંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયાની આગેવાનીમા પ્રસ્થાન થયેલ સાથે અમરેલીના સાંસદશ્રી ભરતભાઈ સુતરીયા, અમરેલી જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ શ્રી અતુલભાઈ કાનાણી,જીલ્લા ભાજપ મહામંત્રીશ્રી મેહુલભાઈ ધોરાજીયા, અમર ડેરીના ચેરમેન શ્રી અશ્વિનભાઈ સાવલીયા, શહેર ભાજપ પ્રમુખ શ્રી વિજયભાઈ ચોટલીયા, તાલુકા પંચાયત પ્રમુખ શ્રી કિશોરભાઈ કાનપરીયા, કુકાવાવ તાલુકા ભાજપ પ્રમુખ શ્રી વિપુલભાઈ વસાણી, અમરેલી નગરપાલિકા પ્રમુખ શ્રી બિપીનભાઈ લીંબાણી, યાત્રાના ઈન્ચાર્જશ્રી પ્રવિણભાઈ માંગરોળીયા, સામાજીક આગેવાન શ્રી પી. પી. સોજીત્રા સહીત સંગઠનના પદાધિકારીશ્રીઓ, ચુટાયેલા જન પ્રતિનિધિશ્રીઓ, કલેક્ટરશ્રી સાથે વહીવટીતંત્રના કર્મયોગી કર્મચારીશ્રીઓ સહીત વિવિધ સમાજના આગેવાનશ્રીઓ યુવાનો, ભાઈ-બહેનો બહોળી સંખ્યામાં યાત્રામા જોડાયા હતા.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 25/11/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## સ્પેશ્યલ એક્ષચેન્જ ઓફર ટુંક સમય માટે જ....

**હવે એક્યુરેટમાંથી ખરીદી કરવી વધારે ફાયદામાં !!!**
**બધે જ ભાવ પુછીને આવો...**

* અમારા દ્વારા વગર વ્યાજના હપ્તા
ફાઈલ ચાર્જ કે પેનલ્ટી નહીં * કોઈ છુપા ચાર્જ નહીં

વેચાણ પછીની ઉત્તમ સેવા...
તો વધારે નાણા શા માટે ચુકવો છો ? આવો પધારો...



જુના ટીવીના રૂા. ૭૦૦૦ સુધી બાદ તથા ખરીદી સાથે ગીઝર ભેટ મેળવો..



મીની ગીઝર MCB સાથે..
૧ યુનિટમાં ૮૦ લીટર ગરમ પાણી
૧ વર્ષ પીસ ટુ પીસની ગેરેંટી.. કિંમત માત્ર રૂા. ૧૫૦૦



૩ લીટર ગીઝર
કિંમત રૂા. ૨૭૦૦ થી શરૂ...
૧ વર્ષની વોરંટી



લેપટોપ
ડેલ, આસુસ, લીનોવા દરેક મોડલ હાજરમાં...

## ખાસ એક્ષચેન્જ ઓફર

જુના ટીવીના ૭૦૦૦ સુધી * જુની ઘંટીના ૨૫૦૦
જુના મિક્ષ્ચરના રૂા. ૭૫૦ * જુના ગ્રાઈન્ડરના રૂા. ૨૫૦
જુની ઈસ્ત્રીના રૂા. ૧૦૦ * ફર્નિચરમાં પણ એક્ષચેન્જ સ્કીમ

આ ઉપરાંત એ.સી., ફ્રીઝ, વોશીંગ મશીન,
ઘરઘંટી, સેટી, પલંગ, કબાટ, સોફા વિગેરે તો ખરૂ જ...

# એક્યુરેટ ઈલેક્ટ્રોનિક્સ & ફર્નિચર મોલ

મહુવા રોડ, હીરો શોરૂમ પાસે, મો. ૭૭૭ ૮૦૦ 3333

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS


તારીખ : 25/11/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કૃષિ પેકેજ માટે અમરેલી જિલ્લામાં 82442 ખેડૂતોની અરજી...



કમોસમી વરસાદને કારણે ખેડૂતોના પાકને ખૂબ વ્યાપક પ્રમાણમાં નુકસાન થયું છે સરકારે કૃષિ રાહત પેકજ જાહેર કરી ખેડૂતો પાસેથી વીસીઈ મારફત અરજીઓ પોર્ટલ દ્વારા માંગવામાં આવી હતી જેનાથી અમરેલી જિલ્લામાં આજ સુધી એટલે કે તારીખ 24 નવેમ્બર 2025 સોમવાર સુધી 82442 ખેડૂતોની અરજી નોંધાઈ ગઈ છે અને આ સમાચાર લખાય છે ત્યારે હજુ નોંધવાની પ્રક્રિયા ચાલુ છે 28 નવેમ્બર 2025 સુધી અરજી સ્વીકારવામાં આવશે વળતર મેળવવા ઈચ્છુક ખેડૂતોએ બેંક પાસબુક આધાર કાર્ડ તલાટી ના દાખલા વગેરે રજૂ કરવાના રહેશે અમરેલી જિલ્લામાં 14 નવેમ્બર થી પાક નુકસાન અરજીઓ અપલોડ કરવાની કાર્યવાહી શરૂ કરાઈ હતી આ માટે અમરેલી જિલ્લાના 626 ગામોમાં વીસીઈ મારફત અરજી લેવામાં આવે છે જેની ચકાસણી કામગીરી ગ્રામ સેવક અને તાલુકાના વહીવટ સ્ટાફ દ્વારા કરવામાં આવે છે અને હવે આ કામગીરી અંતિમ તબક્કા તરફ જઈ રહી છે. અમરેલી જિલ્લાના ખાંભામાં સંપર્ક કરતા ખાંભા તાલુકાની આ સમાચાર લખાય છે ત્યાં સુધી 1100 અરજી નોંધાઈ છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 25/11/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



Organised by: HEADWAY® BUSINESS SOLUTIONS LLP Solution@100%®

www.headway.guru

908 124 1916




## ૯,૯૯૯ થી વધુ કરોડોની કિંમતના ઈનામો!

માત્ર ₹ ૧૦,૦૦૦ ના ઘરેણાંની ખરીદી પર.. *

*શરતો લાગુ

તો રાહ કોની જુવો છો, ખરીદો ઘરેણાં અને ચમકાવો નસીબ.

## 30 DAYS LEFT

ઓફર : ૨૫ ડિસેમ્બર ૨૦૨૫ સુધી જ લાગુ.
તો ખરીદી કરવા નું ભૂલશો નહી !!

AR JEWELLERS

# એ.આર. જવેલર્સ

રાજદરબારગઢ સામે, મેઈનબજાર, સાવરકુંડલા.

મો. 98244 46074/94286 18687

નો નેગેટીવ ન્યૂઝ

# કે.ડી. NEWS

તારીખ : 25/11/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યૂઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યૂઝ...



નો નેગેટીવ ન્યુઝ


# કે.ડી. NEWS

તારીખ : 25/11/2025

SINCE 1923
KD
NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 25/11/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...





## ગુજરાત સરકારની અકસ્માત વિમા યોજના

**અકસ્માતના પ્રથમ 48 કલાક દરમિયાન ઓપરેશન જેવા કે બાઈક એકસીડન્ટ, બાઈક સ્લીપ થવી, ગાડી દ્વારા અકસ્માત થવો જેવા કોઈપણ રોડની અંદર થતા એકસીડન્ટ**

## મફતમાં કરી આપવામાં આવશે.

## શિવમ્

### ઓર્થોપેડીક એન્ડ ગાયનેક હોસ્પિટલ

**૨૪ કલાક ઈમરજન્સી સારવાર**

ડોકટર હાઉસ, રામદર્શન કોમ્પ્લેક્ષ, કે.કે. હોસ્પિટલ સામે, સાવરકુંડલા.

ફોન : ૦૨૮૪૫ - ૨૩૫૫૦૪, મો. ૯૮૭૯૭ ૩૪૮૧૧

### ઉપલબ્ધ સુવિધાઓ

### ડો. ચિરાગ પરમાર

M.S. (Ortho.)

(ભૂતપૂર્વ ઓર્થો. સર્જન, ઇરવીન હોસ્પિટલ, જામનગર)

**આધુનિક ઓર્થોપેડીક સેન્ટર કે જ્યાં**

- અત્યાધુનિક ટ્રોમા કેર સેન્ટર જેમાં...
- અત્યાધુનિક ઓપરેશન થિએટર IITV સાથે
- દરેક પ્રકારના ફ્રેક્ચર અને અકસ્માત કેસની સારવાર
- ક્લોઝ નેઈલીંગ સેન્ટર (Nailing)
- ઓપન ઈન્જરી (ખુલ્લા ઘા ની સારવાર)
- સાંધા બદલવાની શસ્ત્રક્રિયા
- દરેક પ્રકારના હાડકાને લગતા રોગો જેવા કે
- સાંધાનો દુઃખાવો, સ્નાયુનો દુઃખાવો, વા, સંધિવા
- બાળકોમાં થતી જન્મજાત ખોડખાંપણ
- સેરેબ્રલ પાલ્સી તથા મણકા (Spine) ના રોગોનું નિદાન તથા સારવાર
- એક્સ-રે સુવિધા - મેડીકલ સુવિધા ઉપલબ્ધ
- MLC (પોલીસ કેસ લેવામાં આવશે.)

### ડો. વૈભવી પરમાર

M.S. (ગાયનેક)સ્ત્રીરોગ અને પ્રસુતિના નિષ્ણાંત

(ભૂતપૂર્વ ગાયનેકોલોજીસ્ટ : સિવિલ હોસ્પિટલ, અમદાવાદ)

**આધુનિક ગાયનેક સેન્ટર કે જ્યાં**

- ૨૪ કલાક સોનોગ્રાફી થા ઇમરજન્સી સુવિધા ઉપલબ્ધ.
- TAS/TVS સોનોગ્રાફી સુવિધા ઉપલબ્ધ.
- સ્રીરોગ નિદાન અને સારવાર.
- અત્યાધુનિક પ્રસુતિગૃહ.
- જોખમી પ્રસુતિ માટે સવિશેષ સુવિધા.
- કુટુંબ નિયોજન કેન્દ્ર.
- વ્યંધત્વ નિવારણ કેન્દ્ર (Infertili ty Clinic)તેમજ કૃત્રિમ વિર્યદાન (Intera Uterine Insemination)સુવિધા ઉપલબ્ધ.
- ગર્ભાશયની કોથળી કાઢવાનું ટાંકાવાળુ તથા ટાંકા વગરનું ઓપરેશનની સુવિધા.
- કેન્સર નિદાન ✻ ગુપ્તરોગ (સ્રી/પુરુષ) નિદાન અને સારવાર
- એપોઈન્ટમેન્ટ અગાઉથી લઇ લેવી.



NEWS
ના પ્લેટફોર્મ પર
જ્યાં રિલ્સ નહીં
બ્રાન્ડ બને છે...
અને આપે છે
વ્યુઝની ગેરંટી અને
સફળતાનો ભરોસો
12K
Reactions and plays
1,526
1,23,873
76 00 76 80 76
Reactions and plays
1,573
1,22,466
Reactions and plays
821
1,03,175
શ્રી ગોકુલ જ્વેલર્સ
Vishwa karma Industrials
Reactions and plays
887
1,01,645
Reels
Friends
વિશ્વાસ અને પ્રેમનું
બીજું નામ
Reactions and plays
634
94,382
Reactions and plays
1,149
99,012
આજે જ સંપર્ક કરો
વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે
9724661561

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 25/11/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...





એનિવર્સરી કેક

સગાઈ કેક

મેક અપ કીટ કેક

ફોટો કેક

ફોન્ડન્ટ કેક

બેબીશાવર કેક

## અઢળક કેકની વેરાયટીઓ

New collection

મેરેજ બોક્સ - ડ્રાયફ્રુટ બોક્સ તેમજ રમકડાં ની અવનવી વેરાયટી

અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.

બર્થ ડેડેકોરેશન બેબી શાવર ડેકોરેશ ની તમામ આઈટમ મળશે..

તમને મળશે બધાથી અલગ
અને તે પણ આપના બજેટમાં

લાઈવ કેક માટે મુલાકાત લ્યો

સાવરકુંડલામાં તેમજ ડેકોરેશનનું એકમાત્ર વિશ્વાસ પાત્ર સ્થળ

## નારોલા લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા મો. 88667 59838

નો નેગેટીવ ન્યૂઝ

# કે.ડી. NEWS

તારીખ : 25/11/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યૂઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યૂઝ...

# HAPPY Anniversary



## જયરાજ એમ. પરમાર

HAPPY BIRTHDAY

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 25/11/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યૂઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યૂઝ...

# HAPPY BIRTHDAY



## શ્રી આદિત્યરાજસિંહ વાજા રાઠોડ

પૂર્વ પ્રમુખ શ્રી શક્તિ કેન્દ્ર શહેર ભાજપ સાવરકુંડલા તેમજ કનવીનર શ્રી અમરેલી અખિલ ભારતીય ક્ષત્રિય મહાસભા ટ્રસ્ટ મે.ટ્રસ્ટી શ્રી સાવરકુંડલા ક્ષત્રિય રાજપૂત સમાજ ટ્રસ્ટ મહામંત્રી શ્રી અખિલ ગુજરાત રાજપુત યુવા સંઘ સાવરકુંડલા અનિરૂધ્ધસિંહ વાજા રાઠોડ ના કુંવર શ્રી આદિત્યરાજસિંહ વાજા રાઠોડ ને જન્મ દિવસ ની હાર્દિક શુભકામનાઓ સાથે શુભેચ્છા*

ना नेगेटीव न्यूझ

# के.डी. NEWS

તારીખ : 25/11/2025


SINCE 1923 KD NEWS PAPER

Join us on :



કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



आत्मा

सबसे "जिवन्त पुस्तक"
आप स्वंयम ही हो
अपने आप को ही पढ
लो सारी दुनीया का
ज्ञान हो जायेगाँ

बाबास्वामी
25/11/2025

તારીખ : 25/11/2025

# કે.ડી. NEWS

નો નેગેટીવ ન્યુઝ

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## વ્યાપારી માટે




**હોલસેલ ભાવે**

**નાની-મોટી**

## ચીઠ્ઠી બુક

---

## વિદ્યાર્થીઓ માટે



## રફ ચોપડા

તેમજ

લખવા માટેની **કોરી પસ્તી**

---

SINCE 1923 KD NEWS PAPER

## દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 25/11/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ



# ફ્રેશ પસ્તી




## સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

## 94997 97973

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 25/11/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :


કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના સાળંગપુરના આજના દર્શન



નો નેગેટીવ ન્યૂઝ

# કે.ડી. NEWS

તારીખ : 25/11/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો કે.ડી ન્યૂઝ સાથે...




સંપર્ક : મો. 9499797973